જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦ /૧૦/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૨૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૨૯૧ લીટર દેશી દારૂ, ૧૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૬૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૬ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૨૫/૨૦૨૬૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૯ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૨૬/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ સતીષભાઈ શંકરભાઈ પટેલ (ઉ.વ.૪૬)(રહે.સંકેત બંગ્લોઝ, પાશ્વનાથ ટાઉનશીપ રોડ, સીતારામ ચોક પાસે, નવા નરોડા) એ તા.૦૯/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૭/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સતીષભાઈ પટેલએ મોબાઈલમાં ફેસબુક ઉપર "PIXEL MBBS" નામની રીલ https:/ /www.facebook.com/share/r/ 18u2HSsYDL/ જોતા પોતાની પુત્રીને મેડીકલ કોલેજમાં એડમીશન અપાવવા બાબતે રીલમાં જણાવેલ MBBS કન્સલ્ટન્સી માટેના જણાવેલ મોબાઈલ નંબર ૭૩૬૪૦૧૧૬૨૫ ઉપર સંપર્ક કરતા ગોપાલ ભારદ્વાજ (મોબાઈલ નં. ૭૩૬૪૦૧૧૬૨૫) ના ધારકે તથા પંકજસિંહ રાજપૂત (મોબાઈલ નં.૮૧૬૭૫૦૧૭૨૫, ૬૩૯૬૩૭૩૬૮૧) ના ધારકે ભેગામળી પોતાની ખોટી ઓળખ આપી સતીષભાઈ પટેલની પુત્રીને મેડીકલ કોલેજમાં એડમીશન અપાવવા બાબતે સરકારી કોટા, MCC, સર્વિસ બોન્ડ, એલોટમેન્ટ લેટર તથા NMCની NOC અપાવવાના બહાને સતીષભાઈનો વિશ્વાસ કેળવી તેમના વોટ્સએપ ઉપર એક લિંક https://billingpixelmbbsadmission.com/ મોકલી, તેમા સતીષભાઈની પુત્રીના ડોક્યુમેન્ટ અપલોડ કરાવી રજીસ્ટ્રર કરાવી, સતીષભાઈના જી–મેઈલ આઈ.ડી. ઉપર મિનિસ્ટ્રી ઑફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર વિભાગની લિંક https://e-counselling-mcc-cgnmq-mohfw.org/ મોકલી એડમીશન અરજીપત્રક ભરાવી, ઈ–મેઈલ આઈ.ડી. CGNMQ.no-reply@e-counselling-mcc-cgnmq-mohfw.org પરથી અરજી મંજુર થયેલાનો મેઈલ કરી, રજીસ્ટ્રેશન તેમજ એડમીશન અપાવવાનું કહી, વોટ્સઅપ પર ક્યુ.આર.કોડ મોકલી તેમજ સતીષભાઈના ઈ–મેઈલ ઉપર https://pay-cgnmq-nmc-noc-fees.org/pay/pay_6abb6ddfed4ca લીંક મોકલી પેમેન્ટ કરવા જણાવી સતીષભાઈ પટેલના યુનિયન બેંક, એક્સિસ બેંક તથા કોટક મહિન્દ્રા બેંકનાં ખાતાઓમાંથી અલગ–અલગ સમયે UPI તથા NEFT/RTGS મારફતે PIXEL EDUCATION SERVICE ના બેંક ખાતા નંબર ૦૩૪૯૦૨૦૦૦૦૧૧૭૫૯ અને અન્ય UPI ખાતાઓમાં કુલ રૂપિયા ૨૨,૭૫,૦૦૦/– ટ્રાન્સફર કરાવી લઇ, મિનિસ્ટ્રી ઑફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર વિભાગ, ગર્વમેન્ટ ઇન્ડીયાનો ખોટો એડમીશનનો દસ્તાવેજ મોકલી, NMC ની NOC નહી આપી, સરકારી મેડિકલ કોલેજમાં MBBS પ્રવેશ અપાવવાની ખોટી ખાતરી આપી તેમજ સરકારી વિભાગોના નામનો દુરપયોગ કરી સતીષભાઈ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.વી.પટેલ ચલાવે છે.

વાડજઃ સંજયકુમાર શાંતિલાલ શાહ (ઉ.વ.૫૦)(રહે. શ્યામસુંદર બંગલો, પ્રહલાદનગર સેટેલાઇટ) એ તા.૦૯/૧૦/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૨/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે આરોપી (૧) દિપેન અશોકભાઈ સોની (૨) ખુશ્બુ દિપનભાઈ સોની અને (૩) પાર્થ જીગ્નેશભાઈ સોની (ત્રણેય રહે. દેવપથ ફ્લેટ, આસોપાલવ શો–રૂમની પાછળ, પુનમ પાર્ટી પ્લોટ પાસે, નવા વાડજ) એ ભેગામળી નવા વાડજ પુનમ પાર્ટી પ્લોટ પાસે આસોપાલવ શો–રૂમની પાછળ, દેવપથ ફ્લેટ ખાતે આવેલ "એસ.એસ. ગોલ્ડ એન્ડ એસ.એસ.ઓર્નામેન્ટ્સ" નામની દુકાન ખાતે સંજયકુમાર શાહ નાઓએ સોનાના દાગીના કિમત રૂપિયા ૮૭,૮૧,૧૪૮/– મતાના ઝડતર કામ કરવા સારૂ આપેલ હતા તે દાગીનાનુ ઝડતર કામ નહીં કરી દાગીના પરત નહીં આપી દાગીના લઇ નાસી જઈ સંજયકુમાર શાહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.પી.ગરસીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૨૭/૨૦૨૬**

ચાંદખેડાઃ (૧) જયાબહેન વા/ઓ સુનિલભાઇ જાદવ (ઉ.વ.૩૦) (રહે. બ્લોક નંબર–૪ અયોધ્યાનગરી ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૬ રાતના ૧૧/૧૫ વાગ્યા પહેલા ચોથા માળે પોતાના ઘરની બાલ્કનીમાંથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

ચાંદખેડાઃ (૨) મિહિરકુમાર સ/ઓ વસંતભાઈ પરમાર (ઉ.વ.૨૧) (રહે. હરી મંદીર સોસાયટી વિસત માતા મંદીર નજીક ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૧૦/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આનંદકુમાર પરષોત્તમભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી